# 1 મધ્યયુગીન ગુજરાત



**1.1 પાટણનું પટોળું**

રાવણહથ્થા ઉપર ગીત ગાતો એક કલાકાર આજે ગામમાં ફરતો હતો. બાળકોનું ટોળું પણ તેની સાથે ફરતું હતું. આ કલાકાર એક ગીત વારંવાર ગાતો હતો તે ગીતાના શબ્દો હતા. 'છેલાજી રે....પાટણથી પટોળાં મોંઘાં લાવજો'.

નાનકડો પ્રતીક ઘેર ગયો ત્યારે દાદાજીને પાટણનાં પટોળાં વિશે પૂછ્યું. પ્રતીકના દાદાજી પાસે ઐતિહાસિક વાર્તાઓનો ખજાનો હતો. તેમણે પટોળાંની વિગતે માહિતી આપતાં ઐતિહાસિક નગર અણહિલવાડ પાટણ વિશે માહિતી આપી.

મધ્યકાળમાં ઈ.સ. 746 થી 1304 એટલે કે આશરે 560 વર્ષ સુધી ગુજરાતમાં ચાવડાવંશ, સોલંકીવંશ અને વાઘેલાવંશના શાસકોએ શાસન કર્યું. તેમના શાસન દરમિયાન રાજ્યની રાજધાની અણહિલપુર પાટણ રહી, જે અણહિલવાડ પાટણ તરીકે પણ ઓળખાતું હતું. હાલના પાટણની પશ્ચિમે આવેલું અનાવાડા ગામ, જે 'અણહિલવાડ'નું અપભ્રંશ થયેલું નામ છે.

ગ્રંથોમાંથી મળતી માહિતી મુજબ પંચાસરમાં ચાવડાઓનું રાજ્ય હતું, તેના શાસક જયશિખરી યુદ્ધમાં વીરગતિ પામ્યા. તેમના પછી તેમના પુત્ર વનરાજ ચાવડાએ પિતાનું રાજ્ય પાછું મેળવ્યું. વેરવિખેર થયેલા રાજ્યની જગ્યાએ વનરાજ ચાવડાએ સરસ્વતી નદીના કિનારે એક નવું નગર વસાવ્યું, જે અણહિલવાડ પાટણ તરીકે ઓળખાયું. એમ કહેવાય છે કે પિતાનું રાજ્ય પાછું મેળવવામાં મદદ કરનાર પોતાના મિત્ર અણહિલના નામ પરથી નગરનું નામ અણહિલવાડ પાટણ રાખ્યું હતું. ચાવડાવંશના શાસકોએ લગભગ 196 વર્ષ સુધી ગુજરાત પર રાજસત્તા સંભાળી. ત્યાર બાદ સોલંકીવંશના શાસકો ગુજરાતની રાજ્યસત્તા પર આવ્યા.



**1.2 મૂર્તિમાં શિલાલેખ**

**આટલું જાણો**

**પાટણનું સ્થાપના-વર્ષ**

- 'ધર્મારણ્ય'નામના ગ્રંથમાં જણાવ્યાં અનુસાર પાટણની સ્થાપના વિ.સ. 802 (ઈ.સ. 746માં થઈ હતી).
- એક હસ્તલિખિત રાજવંશાવલિમાં પાટણની રચના વિ.સ. 802 (ઈ.સ. 746માં થયેલ જાણવા મળે છે.)
- વર્તમાન પાટણમાં ગણપતિ પોળમાં આવેલ ગણપતિની મૂર્તિની નીચેના શિલાલેખમાં પાટણનો સ્થાપનાકાળ વિ.સ. 802 (ઈ.સ. 746 લખેલ છે).

સોલંકીવંશના શાસનમાં ગુજરાતમાં જાહોજલાલી હતી. રાજપૂત યુગમાં બળવાન રાજ્ય તરીકે સોલંકીઓના અણહિલવાડ પાટણની ગણના થતી હતી. આ વંશના શાસકોમાં મૂળરાજ સોલંકી, ભીમદેવ, સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ જેવા મહાન રાજવીઓ થઈ ગયા. સિદ્ધરાજ જયસિંહના સમયમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય થઈ ગયા. તેમના સમયમાં અણહિલવાડ પાટણ 'વિદ્યાનું ધામ' બન્યું હતું. સિદ્ધરાજ જયસિંહના આમંત્રણથી હેમચંદ્રાચાર્યજીએ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' નામનો વ્યાકરણગ્રંથ રચ્યો હતો. આ ગ્રંથની શોભાયાત્રા હાથીની અંબાડી ઉપર કાઢવામાં આવી હતી, જેમાં રાજા અને ગ્રંથના કર્તા પ્રજાની સાથે સમગ્ર નગરમાં પગપાળા ચાલતા હતા.



**1.3 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' ગ્રંથ**

સાહિત્યગ્રંથનું આવું બહુમાન થયું હોય તેવો આ પ્રથમ પ્રસંગ હતો. કુમારપાળના શાસન વખતે ગુજરાતની સમૃદ્ધિ ટોચ પર હતી. આ સમયે અણહિલવાડ પાટણમાં અહિંસા, લક્ષ્મી અને સરસ્વતીનો ત્રિવેણીસંગમ જોવા મળ્યો હતો. સોલંકીવંશના શાસકો મહાન રાજ્યકર્તા હતા. આ વંશના એક નહિ બે નહિ પણ છ શાસકો રાજ્ય-સિંહાસન છોડી,

**પ્રવૃત્તિ**

- મૂળ નામમાંથી અપભ્રંશ થઈને નવું નામ બોલાતું હોય તેવાં સ્થળ કે નગરનાં નામોની યાદી બનાવો અને તેના વિશેની માહિતી મેળવો.

મુગટધારીમાંથી કંથાધારી બન્યા હતા. એટલે કે રાજગાદી છોડી વનવાસ સ્વીકાર્યો હતો, જેની વિગત પુસ્તકાલયમાંથી મેળવો. અણહિલવાડ પાટણના રાજવીઓ અને વિદ્યાધરો મહાન હતા. તેવી જ રીતે અહીંની રાણીઓ પણ તેટલી જ મહાન હતી. રાણી ઉદયમતિએ પ્રજાના કલ્યાણ હેતુ વાવ બંધાવી હતી. આ વાવ રાણીની વાવ તરીકે ઓળખાય છે. સાત માળમાં બંધાવેલી રાણીની વાવ કલા અને સ્થાપત્યનો અજોડ નમૂનો છે. વાવમાં રહેલી કલાત્મક પથ્થરની મૂર્તિઓ, આજે સોલંકી યુગના વૈભવનો ખ્યાલ આપે છે. રાજમાતા મીનળદેવી પણ પ્રજાકલ્યાણનાં કાર્ય માટે સદૈવ તત્પર રહેતાં હતાં. સિદ્ધરાજ જયસિંહનાં માતા રાજમાતા મીનળદેવીએ રાજ્યમાંથી યાત્રાવેરો બંધ કરાવ્યો હતો. તેમના કહેવાથી ધોળકામાં મલાવ તળાવ અને વિરમગામમાં મુનસર તળાવ બાંધવામાં આવ્યાં હતાં. સિદ્ધરાજ જયસિંહના શાસનકાળ દરમિયાન પાટણમાં સહસ્રલિંગ તળાવ બાંધવામાં આવ્યું હતું.



**1.4 મુનસર તળાવ**

**વિચારો**

- પહેલાંના સમયમાં વાવ, તળાવ અને કૂવા બાંધવામાં આવતાં હતાં. વર્તમાન સમયમાં બંધ બાંધવામાં આવે છે. કેમ?



**1.5 નાઈકીદેવી**

અણહિલવાડ પાટણની સાથે એક વિરાંગના રાણીનો ઈતિહાસ જોડાયેલ છે. રાજા અજયપાળના અવસાન પછી તેનો પુત્ર નાનો હોવાથી રાજ્યનો કારભાર તેમનાં રાણી નાઈકીદેવી સંભાળતાં હતાં. તેમના સમયમાં શાહબુદ્દીન ઘોરી રણ ઓળંગી ગુજરાત ઉપર ચડી આવ્યો. આ સમયે વિરાંગના નાઈકીદેવીએ બાળરાજાને ખોળામાં રાખીને ગુજરાતની સેનાનું નેતૃત્વ સંભાળ્યું હતું. ઘોરીની સેનાને યુદ્ધમાં હાર આપી હતી.

સોલંકીવંશ પછી વાઘેલાવંશના શાસકોએ ગુજરાતનું શાસન ચલાવ્યું હતું. વાઘેલાવંશના છેલ્લા શાસક કરણદેવ વાઘેલાનો અલાઉદ્દીન ખીલજીની સેના સામે પરાજય થતા, અણહિલવાડ પાટણ પરથી રાજપૂત શાસન પૂરું થયું. પછી કેટલાક સમય સુધી અણહિલવાડ પાટણ ગુજરાતની માત્ર નામની રાજધાની રહી. સલ્તનતકાળમાં અહમદશાહે ઈ.સ. 1411 માં અમદાવાદ શહેર વસાવ્યું, ત્યારથી પાટણ ગુજરાતની રાજધાની મટી સુબાગીરી (પ્રાંતનું) મથક બન્યું. પંદરમી અને સોળમી સદીના અંત સુધી ગુજરાત ઉપર સુલતાનોનું શાસન

રહ્યું. આ શાસન દરમિયાન અહમદશાહ, મહમૂદ બેગડો, મૂઝફ્ફર બીજા જેવા નોંધપાત્ર સુલતાનો થઈ ગયા. સત્તરમી સદીની શરૂઆતમાં ગુજરાતમાં મુઘલ શાસનની શરૂઆત થઈ. ત્યાર બાદ ધીમે-ધીમે ગુજરાતમાં અનેક નવાં રજવાડાં અમલમાં આવવા લાગ્યાં.

**રાજ્યવ્યવસ્થા :**

સોલંકીઓના રાજ્યતંત્રમાં રાજાનું સ્થાન સર્વોપરી હતું. રાજ્યતંત્રનાં વિવિધ ખાતાં જુદા-જુદા અમાત્યો સંભાળતા. મુખ્ય અમાત્ય 'મહામાત્ય' કહેવાતા, જે શ્રીકરણ (નાણાખાતું)ને લગતી બાબતો સંભાળતા. આ સમયે વહીવટી વિભાગોમાં સૌથી મોટો ભાગ 'મંડલ' કહેવાતો. રાજ્યની રાજધાનીનો પ્રદેશ સરસ્વતી નદી ઉપર આવેલો હોવાથી 'સરસ્વતીમંડલ' તરીકે ઓળખાતો. મંડલનો પેટા વિભાગ 'પથક' હતો. આવાં અનેક પથક હતાં. જેમાં અનેક ગામોનો સમાવેશ થતો હતો. આ સમયે કચ્છ મંડલ, સૌરાષ્ટ્ર મંડલ, ખેટક મંડલ (ખેડા), લાટ મંડલ, મેદપાટ મંડલ જેવા મંડલ હતાં.



**1.6 રાણીની વાવ**

**પ્રવૃત્તિ**

- વર્તમાન સમયના ગુજરાતના જિલ્લાઓમાં જૂના પ્રાદેશિક પ્રદેશોના વિસ્તાર વિશે માહિતી મેળવો.



**1.7 વડનગરનું કીર્તિતોરણ**

**સ્થાપત્ય અને સંસ્કૃતિ :**

સામાન્ય રીતે સોલંકી શાસન વખતે ગુજરાતમાં શૈવધર્મના અનુયાયી વધારે હતા. સોલંકીકાળમાં ગુજરાતમાં જેમ સોમનાથ પાટણ શૈવધર્મનું પ્રખ્યાત કેન્દ્ર હતું. તેમ દ્વારકા વૈષ્ણવધર્મનું સુપ્રસિદ્ધ ધામ ગણાતું હતું. મધ્યયુગ દરમિયાન રાજ્યમાં બૌદ્ધધર્મનો પ્રભાવ ઓછો થયો; જ્યારે જૈનધર્મને ઉત્તેજન મળતું હતું. પરિણામે એ કાળ દરમિયાન કેટલાંક મહાન અને ભવ્ય દેરાસરો બંધાયાં હતાં. આ સમયમાં સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલામાં એકંદરે સારી પ્રગતિ થઈ હતી. આ સમયના સ્થાપત્યમાં રાજસ્થાની મંદિરોની શૈલીની અસર જોવા મળે છે. અગિયારમી સદીમાં બંધાયેલા મોઢેરાનું સૂર્યમંદિર, આબુનું વિમલવસિહ મંદિર, બારમી સદીમાં બંધાયેલા રુદ્રમહાલય, સોમનાથમંદિરનો જીર્ણોધ્ધાર, તેરમી સદીમાં બનેલાં દેલવાડાનાં દહેરાસરો વગેરે જેવી કલાકૃત્તિઓ ભારતના સ્થાપત્યમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે.

ગુજરાતના મંદિર સ્થાપત્યની સાથે અન્ય સ્થાપત્યોમાં કુંડો, કિલ્લાઓ, દરવાજાઓ અને તોરણોનો સમાવેશ થાય છે. કીર્તિતોરણોમાં વડનગરનું કીર્તિતોરણ પ્રસિદ્ધ છે. સાહિત્યસર્જનમાં આ સમયે હસ્તલિખિત પ્રતો મહદંશે તાડપત્ર પર લખાતી. બે-ત્રણ ફૂટ લાંબા અને બે-ત્રણ ઇંચ જેટલી પહોળાઈવાળાં તાડપત્રો ઉપર ચારેબાજુએ હાંસિયો દોરીને

મર્યાદિત જગ્યામાં લખાણ કે ચિત્રો દોરવામાં આવતાં. આ સિવાય સોલંકીકાળમાં જૈનધર્મમાં ઘણું સાહિત્યસર્જન થયેલું જોવા મળે છે. જેમકે 'દ્વયાશ્રય' ગ્રંથ.

**પ્રવૃત્તિ**

- તમારે પ્રવાસમાં કોઈ પ્રાચીન મંદિરમાં જવાનું થાય છે, ત્યારે તમે ત્યાં કેવી પ્રતિક્રિયા કરશો ?
- પ્રાચીન મંદિરોમાં શું-શું જોવું જોઈએ, કેવા પ્રકારની માહિતી મેળવવી જોઈએ તેની યાદી બનાવો.

સલ્તનતકાળમાં જ્યારે સત્તાનું કેન્દ્ર અમદાવાદ બન્યું, ત્યારે ફારસી ભાષામાં કેટલાંક પુસ્તકો લખાયાં. જોકે આ સમયમાં ગુજરાતી ભાષામાં કેટલુંક સાહિત્યસર્જન થયેલું જોવા મળે છે. સલ્તનતકાળ અને મુઘલકાળમાં ગુજરાતમાં કેટલીક ખ્યાતનામ મસ્જિદો બાંધવામાં આવી. આ સમયે બનેલ સરખેજનો રોજો, અમદાવાદની સિદી સૈયદની જાળી વગેરે પ્રખ્યાત છે.

આમ, મધ્યકાળમાં ગુજરાતમાં આશરે 560 વર્ષ સુધી રાજપૂતવંશના શાસકોએ અને તેના પછી સલ્તનત અને મુઘલકાળમાં કેટલાક સુલતાનો અને સુબાઓએ શાસન કર્યું હતું. તેમના શાસનકાળની ઝાંખી કલાસ્થાપત્ય અને સાહિત્ય દ્વારા જોવા મળે છે.

## સ્વાધ્યાય

### ચાલો યાદ કરીએ.

(1) વનરાજ ચાવડાને નવીન નગર વસાવવું પડ્યું.
(2) સોલંકીકાળને ગુજરાતનો સુવર્ણયુગ ગણવામાં આવે છે.
(3) વસ્તુપાળ-તેજપાલ સારા મંત્રીઓ હતા.
(4) મીનળદેવી આદર્શ રાજમાતા હતાં.
(5) નાઈકીદેવી એક વીરાંગના હતી.

### ચર્ચા કરીએ.

(1) સિદ્ધહેમ શબ્દાનુશાસન ગ્રંથની હાથી ઉપર શોભાયાત્રા કેમ કાઢવામાં આવી ?
(2) વનરાજ ચાવડાએ વસાવેલ નવા નગરનું નામ અણહિલવાડ પાટણ કેમ રાખ્યું ?
(3) મીનળદેવીએ યાત્રાવેરો કેમ બંધ કરાવ્યો ?
(4) અણહિલવાડ પાટણથી અમદાવાદ રાજધાની કેમ બદલવામાં આવી ?

### પરિચય આપો.

(1) અણહિલ ભરવાડ (2) મીનળદેવી (3) હેમચંદ્રાચાર્ય (4) કુમારપાળ (5) નાઈકીદેવી
(6) ભીમદેવ સોલંકી (7) ઉદયમતિ રાણી (8) રાયકરણ વાઘેલા

•